અરાઉન્ડ ધ વર્લ્ડ

પ્રતીક્ષા થાનકી
pratiksha.thanki@bombaysamachar.com

# શિલ્પો અને વાર્તાઓનું શહેરઃ લુબ્લિયાના














સ્લોવેનિયાના લુબ્લિયાનાની લુબ્લિયાનિકા નદી અને ડાઉનટાઉન પર ઝળૂંબતા લુબ્લિયાના કાસલ પર પહોંચતાં અમારી ઇલેક્ટ્રોનિક ટૂરિસ્ટિક ટ્રેઇન હાંફી ગઈ હતી. શહેરનું ક્યુટ નામ જાણી જોઈને બોલવાની ઇચ્છા થયા કરતી હતી. સ્લોવેનિયાની મોટાભાગની ઐતિહાસિક ઇમારતોની માફક અમે જઈ રહ્યાં હતાં તે કિલ્લો પણ ૧૧મી સદીનો ત્યાં ઊભો છે. ઘણા દિવસોના સાઇટસીઇંગના થાક પછી અહીં ઢાળ ચઢીને તો અમે કદી પહોંચી ન શક્યાં હોત. આ કિલ્લાની ટેકરીથી શહેરનો વ્યુ લેવા માટે પણ ત્યાં સુધી જવા જેવું છે. કિલ્લામાં ખાસ કશું નવું તો નથી પણ ત્યાં આર્કિટેક્ટના ભાગરૂપે ડ્રેગનનાં પ્રભાવશાળી સ્ટેચ્યુ કિલ્લાના મધ્યયુગીન ભપકા સાથે આજકાલ પ્રચલિત ફેન્ટસી વાર્તાઓના કારણે વધુ રેલેવન્ટ બનાવતાં હતાં. ત્યાંનું કોર્ટયાર્ડ, કેથેડ્રલ અને કિલ્લાના સૌથી ઊંચા ટાવરની ટોચ પર બેઠેલો ડ્રેગન આખાય માહોલને કોઈ પરીકથાના શ્ય જેવો બનાવતો હતો. બાકીનું શહેર જાતે જોવું હોય તો અહીં ટૂરિસ્ટિક ટ્રેઇન લેવાને બદલે ફનિક્યુલરથી પણ આવી શકાય.

કિલ્લાની પરીકથાની ઇમેજ માત્ર દેખાવની જ ન હતી. અહીંના વિવિધ ટાવરની દીવાલો પર સ્લોવેનિયન ફેરી ટેઇલ્સને ચિત્રોમાં રજૂ કરવામાં આવી છે. આજકાલ લોકપ્રિય બનેલી ગ્રાફિક નોવેલ્સનું આ પૌરાણિક સ્વરૂપ આર્કિટેક્ચરને પણ વાર્તાનું માધ્યમ બનાવી દેતું હોય તેવું ત્યાં લાગે. તેમાં વળી ટાવર્સ પર તો વાર્તાઓ છે જ, સાથે આર્ચર્સ ટાવર, પેનોરામા ટાવર, પેન્ટાગોનલ ટાવર જેવા ઢગલાબંધ ટાવરની પોતાની અલગ વાર્તાઓ છે. અંદરની ટૂર લેવામાં જુનવાણી ચીજોનું મ્યુઝિયમ વગેરે જોવાનું શક્ય બનત પણ હજી અમારે લુબ્લિયાનામાં ઘણી પ્રવૃત્તિઓ બાકી હતી એટલે કાસલને ત્યારે ખપપૂરતો સમય આપીને અમે આગળ ચાલ્યાં. જોકે ત્યાંની ગાઇડેડ ટૂર પણ ડિઝાઇનર છે જ્યાં ગાઇડ્સ હિસ્ટોરિકલ પાત્રો બનીને કિલ્લા અને શહેરની વાર્તા કહે છે. સમય હોત તો તેમાં મજા જરૂર આવી હોત.

ટ્રેઇન કિલ્લાથી બોટનિકલ ગાર્ડન લઈ આવી. આખું સ્લોવેનિયા કુદરતે ગાર્ડનની જેમ જ ક્યુરેટ કરીને બનાવ્યું હોય એવું છે, એમાં ગાર્ડન કંઈ ખાસ નવું લાગ્યું નહીં અને અમે આગળ ચાલ્યાં. હવે ટ્રેઇન ત્ર્નોવ્સ્કિ પ્રિસ્તાન એમ્બાન્કમેન્ટ પર આવી. આ પથ્થરનું પ્રોમોનાડ લુબ્લિયાનો સૌથી સુંદર વિસ્તાર છે. જો સમય હોય તો આ પહોળાં પગથિયાંઓ નદીકિનારે પડ્યાં રહેવા માટે આદર્શ જગ્યા છે. અહીં સ્થાનિકો જોગિંગ કરવાથી માંડીને પિકનિક કરવા શા

માટે ઊમટી પડતાં હતાં તે સ્પષ્ટ હતું. અહીં થોડો સમય વિતાવી લોકોને જોયા કરવાની મજા પડી.

તે પછીનું સ્ટોપ હતું પ્લેકનિક હાઉસ. લુબ્લિયાનાનાં મોટા ભાગનાં લેન્ડસ્કેપ પર ત્યાંનાં સૌથી ખ્યાતનામ આર્કિટેક્ટ હોઝે પ્લેકનિકની અસર વર્તાય તે તો સ્વાભાવિક છે જ. આ પ્લેકનિકે વિયેના અને પ્રાગની ઐતિહાસિક ઇમારતો પર પણ પોતાની છાપ છોડી છે. આમ જોવા જાઓ તો આ ઘર માત્ર મ્યુઝિયમમાં પલટવામાં આવેલું આર્કિટેક્ટનું ઘર જ છે, પણ ત્યાં અંદર જતાં પોતાને રોકી શકાય નહીં. અને અંદર પ્રવેશ્યા પછી તેની ખાસિયત સમજાઈ. ઐતિહાસિક આર્કિટેક્ટ હોવા સાથે પ્લેકનિકનો ખુદ લુબ્લિયાના જોવાનો અલગ દૃષ્ટિકોણ હતો. તેમણે શહેરમાં અઢળક સ્કેચ બનાવ્યાં છે જે બધા ત્યાં લોકોને જોવા માટે ઉપલબ્ધ છે. અહીં પ્લેકનિકની નજરે તેનું શહેર કોઈ જુદી જ દુનિયાનું લાગતું હતું. ખરેખર લુબ્લિયાનામાં ક્યાંક વેનિસની તો ક્યાંક વિયેનાની ઝલક વર્તાઈ આવતી હતી, પણ તેને આગવું બનાવવામાં પ્લેકનિકનો ફાળો સ્પષ્ટ નજરે પડતો હતો. આ અણધારી અજાયબી જેવા ઘરથી આગળ જવાનું મન ન હતું થતું.

આગળ શહેરના સમર થિયેટર ક્રિઝાન્કે પર ઊડતી નજર નાંખી. તે પછી આવ્યો શહેરનો સૌથી ધમધમતો હિસ્સો, કોન્ગ્રેસ સ્ક્વેર. અહીં એક સાથે શોપિંગ, સ્થાનિક કલાકારોના સંગીત અને ટૂરિસ્ટના કારણે આખોય વિસ્તાર જરા વધુપડતો વ્યસ્ત લાગતો હતો. બધી તરફ કોઈ ને કોઈ પ્રકારનું લાઇવ મ્યુઝિક ચાલુ હતું. બધાંના પ્રકારો અલગ હોવા છતાં તેમની વચ્ચે કોઈ અનોખો તાલમેલ હોય તેવું લાગતું હતું. આ રિજનના નજીકના ભૂતકાળની ઘણી ચળવળોમાં આ ચોક ઘણો મહત્ત્વનો બની રહ્યો છે. શહેરની મોટાભાગની અગત્યની ઇમારતો પણ આ જ સ્કવેરમાં છે. અહીં પણ અનોખાં સ્ટેચ્યુનો સિલસિલો ચાલુ જ હતો, પણ અત્યાર સુધીમાં એટલાં બધાં શિલ્પો પર નજર પડી ચૂકી હતી કે હવે બધું એકસરખું લાગવા માંડ્યું હતું.

એ પછીના સ્ટોપ પર પાર્લામેન્ટ અને ઓપરાની ઇમારતો જાણે પૅલૅટ ક્લૅન્ઝર જેવી બની રહી. અંતે લુબ્લિયાનાના ટાઉન હોલ પર ટૂરિસ્ટિક ટ્રેઇનનો અંત આવ્યો અને અમે બાકીનો સમય શહેરમાં એમ જ રખડવામાં વિતાવ્યો. કોઈ ખાસ જગ્યાએ પહોંચવાનો પ્લાન ન હતો તેમાં કેટલીક અત્યંત રસપ્રદ જગ્યાઓ જોવા મળી ગઈ. કદાચ શહેર એટલું ભાવી ગયું હતું કે ત્યાંની કચરાટોપલીઓ પણ મજેદાર લાગવા માંડી હતી. છતાંય લુબ્લિયાનામાં વિતાવેલા દિવસમાં ક્યાંય જમવામાં ઠર્યાં ન હતાં. બાકી શહેરનો ગેસ્ટ્રોનોમિકલ સીન એવો વખણાય છે કે ત્યાં કૂતરાઓ માટેની પણ અલગ બેકરી નજરે પડી હતી. સ્લાવિક કુઝિનની હજી ખરી મજા લેવા મળી ન હતી. બસ ત્યાં માણસો માટેની બેકરીઓથી કામ ચાલી રહ્યું હતું.

લુબ્લિયાનાથી નીકળીને ત્રિગલાવ નેશનલ પાર્ક તરફ નીકળવાનું હતું. સ્લોવેનિયાની સરળતા ડગલે ને પગલે મનને સ્પર્શી જતી હતી. અહીં લોકો સરળ મને વાત કરવા લાગતાં. થાડા સમય પહેલાં જ સ્થાયી શાંતિનો સમય હાથ લાગ્યો હોવાની રાહત તેમનાં વર્તન અને વાતાવરણમાં ઉત્સાહ સાથે નજરે પડતી હતી. અહીં હજી ઘણી મજા કરવાની બાકી હતી. ■